

સૌનો સાથ....
સૌનો વિકાસ.....


ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ.
ગાંધીનગર
(ગુજરાત સરકારનું એકમ)

બ્લોક નં.૮, આઠમે માળ, ઉદ્યોગભવન,
સેક્ટર-૧૧, ગાંધીનગર.
ફોન નં.: ૦૭૯-૨૩૨૩૦૭૧૩




# મહિલા જાગૃતિ શિબિર


ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ.
ગાંધીનગર
(ગુજરાત સરકારનું એકમ)

ગુજરાત રાજ્યની મહિલાઓને તમામ ક્ષેત્રમાં પુરતી સંખ્યામાં પ્રતિનિધિત્વ મળે અને સમાજનું આર્થિક પાસુ ઉજ્જવળ અને સમૃદ્ધ બને તે અર્થે મહિલાઓના કલ્યાણની અનેકવિધ યોજનાઓ સરકાર દ્વારા હાથ ધરવામાં આવી છે. જેના એક ભાગરૂપે સને ૧૯૮૧માં મહિલાઓનાં આર્થિક વિકાસ અંગેના વિવિધ કાર્યક્રમો અમલમાં મુકવાનાં મુખ્ય ઉદ્દેશથી ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમની સ્થાપના કરવામાં આવી છે.

નિગમનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓ માટે આર્થિક પ્રવૃત્તિના આયોજન દ્વારા આવક અને રોજગારીના ક્ષેત્રમાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરી ઉત્તેજન આપી રાજ્યની વિકાસ યાત્રામાં સહભાગી બનાવવાનો છે. આ ઉદ્દેશને અંતિમ લક્ષ્ય સુધી પહોંચાડવા માટે યોગ્ય જણાય તેવી આર્થિક પ્રવૃત્તિઓના ક્ષેત્રની મોજણી, મુલ્યાંકન અને દિશા સુચન કરવા, સાથે સાથે સમાજ જીવનમાં નવી ચેતના પ્રગટે તેવા પ્રયત્ન હાથ ધરવામાં આવે છે. મહિલાઓના ઉત્પાદનલક્ષી વ્યવસાયોમાં ઉત્પાદકતા સુધારવા માટે આ ક્ષેત્રની જુદી જુદી સંસ્થાઓ સાથે સંકલન કરવા માટે અદ્યતન ટેકનોલોજીનો વિકાસ કરવામાં સહાયભૂત થવું. બજારની માહિતી, સર્વે, પ્રસિદ્ધિ, સલાહ, માર્ગદર્શન તેમજ મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજોના વેચાણ માટે કોશિશ કરવી. દિન-પ્રતિદિન બદલાતી જતી સામાજીક પરિસ્થિતિમાં લોકોની જરૂરિયાત અનુસારના વ્યવસાયો, ઉદ્યોગો માટે આઈ.ટી.આઈ., કૌશલ્યવર્ધન કેન્દ્રો, અને "ઉમ્મીદ" માં જોડાયેલ સંસ્થાઓના સહયોગથી તાલીમની વ્યવસ્થા ઊભી કરવી તથા મહિલાઓના સર્વાંગી વિકાસ માટે મદદરૂપ થવું તે નિગમનો મુળભૂત ઉદ્દેશ છે.

# મહિલા જાગૃતિ શિબિર

મહિલા જાગૃતિ શિબિર માં રાજ્યની જુદી જુદી કચેરીઓ દ્વારા મહિલાઓ માટે ચાલતી વિવિધ યોજનાઓની માહિતી પુરી પાડવામાં આવે છે.

મહિલા જાગૃતિ શિબિરમાં મુખ્યત્વે :

(૧) આર્થિક સ્વનિર્ભરતા

(૨) આરોગ્ય

(૩) મહિલા સશક્તિકરણ

(૪) સ્ત્રીઓના રક્ષણ માટેની વિવિધ કાયદાકીય જોગવાઈઓની માહિતી

(૫) શિક્ષણ

વગેરે વિષયોની વિષદ્ છણાવટ કરવામાં આવે છે.

શિબિરોમાં વિવિધ યોજનાઓનાં પોસ્ટર્સ અને ફોર્મ્સનું વિતરણ કરવામાં આવે છે. તેમજ શિબિરનાં અંતે પ્રશ્નોત્તરીને માટે પણ પુરતો સમય ફાળવવામાં આવે છે. વિવિધ વિષયનાં નિષ્ણાતો દ્વારા પ્રશ્નોના ઉત્તરો આપવામાં આવે છે.

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ.

મહિલા વિકાસનું સાચું સરનામું

